# શામળાજી રતનપુર ચેકપોસ્ટ પર પોલીસનો લોખંડી બંદોબસ્ત



શામળાજી, તા. ૧૮

જમ્મુ-કશ્મીરમાં ૩૭૦ કલમ નાબૂદી બાદ દુશ્મન દેશ મૂંઝાયો છે. આવામાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં મોટો આતંકી હુમલો થઈ શકે છે. આતંકી હુમલાની દહેશતને લઈ મોટા શહેરોમાં એલર્ટ અપાયું છે. ભારત સામે આતંક ફેલાવા આઈએસઆઈ અને જૈશ-એ-મોહંમદ એક થયું છે. જૈશ-એ-મોહમંદના ઓપરેશનલ કમાન્ડરના આતંકી હુમલાની જવાબદારી આપવામાં આવી છે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર રતનપુર ચેકપોસ્ટ પર રવિવારે સવારે રાજ્ય પોલીસવડાની સૂચનાના આધારે બે ચેક પોસ્ટ ઉભી કરી ઠેર ઠેર ચેકીંગ પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા છે બુલેટપ્રુફ જેકેટ સાથે એસઆરપી પ્લાટૂન તૈનાત કરવામાં આવી છે રતનપુર ચેકપોસ્ટ પર લોખંડી

બંદોબસ્તના પગલે વાહનચાલકો અને સ્થાનિકકોમાં ભારે અચરજ ફેલાયું છે

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દ્વારા રતનપુર ચેકપોસ્ટ અને નેશનલ હાઈવે નં-૮ પર સઘન પેટ્રોલિંગ અને વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે ડીજીપીના દ્વારા રતનપુર બોર્ડર પર એસઆરપીની ૧ પ્લાટૂન તૈનાત કરાઈ છે જેમાં ૨૪ જવાનો દ્વારા આવતા જતા વાહનો પર બાઝ નજર રાખવામાં આવી રહી છે. આતંકી હુમલાના એલર્ટને પગલે રતનપુર બોર્ડર પર બે પોસ્ટ બનાવાઈ છ જેમાં પ્રથમ પોસ્ટ પર ૭ જેટલા જવાનોને બુલેટપ્રુફ જેકેટ પણ અપાયા છે તો બીજી ચોકી પર અન્ય સાત જેટલાં જવાનો પ્રથમ ચોકી પર ચાલતી તપાસ પર નજર રાખશે. જો કોઈ અનિચ્છનીય ઘટના ઘટે તો તુરંત જ બીજી ચોકી પર તૈનાત જવાનો એલર્ટ થઈ કોઈ પણ પ્રકારની આસામાજિક પ્રવૃત્તિને અટકાવી શકાય છે

અત્રે ઉલ્લેખનીય છે કે અરવલ્લી જીલ્લાની અન્ય રાજસ્થાન રાજ્યને અડીને આવેલી ઉંડવા સરહદ,રેલ્લાવાડા નજીક આવેલી સરહદ અને ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોને અડીને આવેલી અંતરિયાળ વિસ્તારોની આંતરરાજ્ય સરહદો નધણિયાત હોય તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે જાગૃત નાગરિકોમાં આતંકવાદીઓ તો ગમે તે જગ્યાએથી પ્રવેશી શકે છે તો રાજસ્થાન રાજ્યને અડીને આવેલી તમામ સરહદ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેની માંગ પ્રબળ બની છે.

## ડીસામાં બીએસએફના જવાનોએ દેશભક્તિ ગીત રજૂ કરતાં લોકો રડી પડયાં



ડીસા, તા. ૧૮

લાયન્સ કલબ ઓફ ડીસા દ્વારા છેલ્લાં ૨૪ વર્ષથી આંતરશાળા દેશભક્તિ ગીત સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનું બીડું ઝડપ્યું છે. ૭૩ માં સ્વાતંત્ર્ય દિને બાળકોએ દેશભક્તિ અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરતા લોકોને મંત્રમુગ્ધ કરી દીધા.

દેશભરમાં ૨૬ મી જાન્યુઆરી અને ૧૫ મી ઓગષ્ટની દબદબાભેર ઉજવણી કરવામાં આવે છે. ત્યારે ૭૩ માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે લાયન્સ કલબ ઓફ ડીસા દ્વારા જીલ્લા કલેકટર સંદિપ સાંગલેના અધ્યક્ષ સ્થાને અને ઉધોગપતિ ધીરૂભાઈ દેસાઈ, બનાસ મેડીકલ કોલેજના પ્રમુખ, બનાસ ડેરીના વાઈસ ચેરમેન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, વિક્રમભાઈ શેઠ, ભરતભાઈ પટેલ, લાયન્સ કલબ ઓફ ડીસાના પ્રમુખ ડૉ. ભરતભાઈ મકવાણા, મંત્રી નરેશભાઈ શેઠ, હિતેશભાઈ શાહ, ચિંતનભાઈ જોષી અને પ્રગતિ અભિવાદન ગૃપના પ્રમુખ લલીતભાઈ દોશી સહિત નગરજનો અને વિદ્યાર્થી ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં અંતર શાળા દેશભક્તિ ગીત સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોને તિરંગો ખેસ, ટ્રોફી તેમજ વૃક્ષ આપી સન્માન કરવામાં આવ્યું હતું. શહેરની જુદી જુદી શાળામાંથી આવેલ બાળ કલાકારોએ દેશભક્તિ ગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરતા ઉપસ્થિત જનમેદનીને મંત્ર મુગ્ધ કરી દીધી હતી. જ્યારે દેશના સીમાડાની રક્ષા કરનાર બીએસએફના જવાનોને રાખડી બાંધી રક્ષાબંધનની પણ ઉજવણી કરવામાં આવી હતી.



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથકે ગોવિંદનગર વિસ્તારમાં ઠેર ઠેર નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયું છે ત્યારે રાહદારીઓ અને વાહન ચાલકો હેરાન પરેશાન જોવા મળે છે.વહીવટી તંત્ર કુંભ કર્ણની નિદ્રામાં પોઢ્યું હોય તેમ લોકમુખે ચર્ચાય રહ્યું છે.ગોવિંદનગર વિસ્તારના જાગ્રૃત આગેવાનોએ તંત્ર સમક્ષ વારંવાર રજુઆતો કરતા છતાં આજ દિન સુધીમાં કોઈ જ ઉકેલ આવતો નથી પરંતુ રોગચાળો ફેલાઈ તેવી સંભાવના સેવાઈ રહી છે.ચોમાસાની સિઝન દરમ્યાન સાર્વત્રિક મેઘમહેર બાદ અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય ઠેર ઠેર ફેલાયુંહોવાના કારણે માખી,મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે.

# મોડાસાની નૈયા જોશીને સ્ટુડન્ટ રીસર્ચ પ્રોજેકટ અંતર્ગત મળ્યા બે ગોલ્ડ



મોડાસા, તા. ૧૮

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરની અને હાલ અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં સંસ્કૃત વિષય સાથે ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી નૈયા જોશીએ રિસર્ચમાં બે ગોલ્ડ મળતા અરવલ્લી જીલ્લાના અગ્રણીઓએ અભિનંદન આપ્યા હતા સ્ટુડન્ટ રીસર્ચ પ્રોજેકટ અંતર્ગત નૈયાએ બે વિષય પર રિસર્ચ કર્યું હતું અને બંનેમાં તેને ગોલ્ડ મળ્યો છે. સંસ્કૃત વિષયમાં તેણે ' સૂર્યગેહેતમિસ્રા - એક અધ્યયન' જેમાં દલિત કવિતાઓનો સંસ્કૃતમાં અનુવાદ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગુજરાતીમાં 'વિચરતી જાતિના સાહિત્યમાં સામાજિક અનુબંધ' વિષય પર રિસર્ચ કર્યું હતું. આ બંને રિસર્ચના વિષયો તદ્દન અલગ છે. આ ઉપરાંત ૭૦ વિદ્યાર્થીઓમાંથી નૈયાનું સંસ્કૃતનું રિસર્ચ પ્રેઝન્ટેશન માટે સિલેક્ટ કરવામાં આવ્યું હતું.

નૈયા અભ્યાસ ઉપરાંત દૂરદર્શનમાં સામાજિક ન્યાય શ્રેણી અંતર્ગત એન્કર તરીકે આવી ચૂકી છે. તથા વિવિધ સંસ્થાઓમાં પ્રેરણાત્મક વ્યાખ્યાનો આપવા માટે પણ જાય છે. આ ઉપરાંત તેઓ સમાજિક નિસબત ધરાવે છે, સ્લમ એરિયામાં તથા વિવિધ પછાત ગામોમાં જઈને ત્યાંની બહેનોની સમસ્યા જાણી નિરાકરણ માટેના પ્રયત્નો કરે છે.

# રાજ્યની પ્રાથમિક શિક્ષણ નિયામકે 'કાઈઝાલા' એપ ડોઉનલોડ કરવાના આદેશથી વાલીઓમાં આનંદ

મોડાસા, તા. ૧૮

રાજ્ય પ્રાથમિક શિક્ષણ વિભાગના સચિવ ડૉ. વિનોદ રાવ સતત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ કથળતા પ્રાથમિક શિક્ષણક્ષેત્રે ઓનલાઈન શિક્ષકોની હાજરી ફરજીયાત કર્યા પછી

Microsoft Kaizala

૧૪ ઓગસ્ટનાં રોજ રાજ્યભરનાં સરકારી પ્રાથમિક શાળાનાં શિક્ષકોને શિક્ષણ સચિવ ડો. વિનોદ રાવે વિડીયો તેમજ ઓડિયો મેસેજથી શિક્ષકોને પોતાના સ્માર્ટફોનમાં ઈન્સ્ટોલ 'કાંઈ ઝાલા' એપ ડાઉનલોડ કરવા આદેશ કરતા પ્રાથમિક શિક્ષકોમાં હડકંપ મચ્યો "કાઈઝાલા" એપ્લિકેશન ડાઉનલોડ કરવાથી એકસાથે બધા શિક્ષકો સાથે વિડીયો કોલ થશે, પગારબીલ, ઈજાફા, સર્વિસ બુક,ઉચ્ચતર પગાર ધોરણ, દરખાસ્ત બધુજ ઓનલાઈન જોઈ શકાશે,શિક્ષકોને પોતાની હાજરીના પુરાવા આપી શકાશે, ફોટો પાડો એટલે સ્થળની માહિતી સાથે સેવ થશે, હાજરીના પ્રુફ પણ રાખવા પડશે.

પ્રાપ્ત માહિતી મુજબ, તા.૫ સપ્ટેમ્બર શિક્ષકદિનથી રાજ્યનાં તમામ પ્રાથમિક શિક્ષાણાધિકારીને શિક્ષણ સચિવે સંદેશો આપીને સરકારી શાળાનાં શિક્ષકોએ પોતાના સ્માર્ટ ફોનમાં 'કાંઈ ઝાલા' ડાઉનલોડ કરવા જણાવી દેવામાં આવ્યું છે "કાઈઝાલા" એપ્લિકેશન શિક્ષકો ઉપર સી.સી.ટી.વી. કેમેરા સમાન છે. શિક્ષકોનું લોકેશન આ એપ મારફતે મળી જતુંહોય શિક્ષક દિવસ દરમિયાન શું કરે છે? તે સહીતની તમામ વિગતો ગાંધીનગર બેઠા ઉચ્ચ અધિકારીઓ જાણી શકે છે "કાઈઝાલા" એપ થી રાજ્યમાં શિક્ષણક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવવા શિક્ષણ સચિવ ડૉ.વિનોદ રાવ ઈચ્છી રહ્યા છે બીજીબાજુ રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘ દ્વારા "કાઈઝાલા" એપ્લિકેશનનો જોરદાર વિરોધ નોંધાવી એપ્લિકેશન ડાઉનલોડ કરવા શિક્ષકોને ચુસ્ત સૂચના આપવામાં આવી છે

### રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના મહામંત્રી સતીશ પટેલ "કાઈઝાલા" એપ વિષે શુ કહે છે

"કાઈઝાલા" એપ્લિકેશનનો રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે વિરોધ નોંધાવ્યો હોવાનું જણાવી વધુમાં જણાવ્યું હતું કે આ એપ થી શિક્ષકોની પ્રવાસી ભંગ થતી હોવાનું અને પ્રાથમિક શાળાઓમાં ૬૦% થી વધુ બહેનો હોવાથી આ એપમાં ફોટો સેવ થતો હોવાથી બહેનોના ફોટાનો દુરુપયોગ થઈ શકવાની સંભાવના રહેલી હોવાથી તથા ૧૨ શાળાઓ દીઠ એક સી.આર.સી ની નિયુક્તિ કરવામાં આવી છે અને હાલ પ્રાથમિક શિક્ષકોની ઓનલાઈન હાજરી પણ પુરવામાં આવે છે તો પછી નવી એપ્લિકેશન કેમ...? જેથી કરીને "કાઈઝાલા" એપ્લિકેશન ડાઉનલોડ નહિ કરવાનો રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘે શિક્ષકોને આદેશ કરવામાં આવ્યો હોવાનું રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના મહામંત્રી સતીશ પટેલે ટેલિફોનિક પૂછપરછમાં જણાવ્યું હતું.

# હિંમતનગર જિલ્લા સેવાસદન ખાતે મહેસુલી કર્મચારીઓ દ્વારા ધરણા



પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લામાં મહેસૂલ વિભાગમાં ફરજ બજાવતા વર્ગ ૩ના કર્મચારીઓ પોતાની માગોને લઈ રજાના દિવસે પણ હિંમતનગર ખાતે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ધરણા ઉપર બેઠા હતા અને વિવિધ પડતર પ્રશ્નોના નિકાલની માંગ કરી હતી.

હિંમતનગર જિલ્લા સેવાસદન ખાતે જિલ્લાના મહેસુલી કર્મચારીઓ દ્વારા પ્રમોશન સહિતના પ્રશ્નોનો નિકાલ ન આવતા પતેતીની રજાના દિવસે મહેસુલી કર્મચારીઓ જીલ્લા કલેક્ટર કચેરી ખાતે ધરણાં ઉપર બેઠા હતા. સરકાર દ્વારા પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં નહિં આવે તો તા.૨૮ ઓગષ્ટથી બે મુદતી હડતાળ ઉપર જવાની ચિમકી ઉચ્ચારી છે. છેલ્લા ઘણાં સમયથી મૌખિક તથા લેખિત રજૂઆતો કરવા છતાં પ્રમોશન સહિતના પ્રશ્નોનો નિકાલ ન આવતા ગુજરાત રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળ વર્ગ-૩ દ્વારા આજે કલેક્ટર કચેરી ખાતે ધરણાંનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આજે પતેતીની રજા હોવા છતાં સાબરકાંઠા જિલ્લાના કર્મચારીઓ કલેક્ટર કચેરી ખાતે આવી ધરણાં ઉપર બેઠા હતા અને સરકાર વિરૂધ્ધ પોતાના પ્રશ્નોના નિકાલ માટે સુત્રોચ્ચાર કર્યા હતા.

## ડીસા માર્કેટયાર્ડ ખાતે ચેરમેન માવજીભાઈ દેસાઈના હસ્તે ધ્વજવંદન

ડીસા માર્કેટયાર્ડ દ્વારા રૂ એક-એક લાખની સહાયના ચેક અપાયા



ડીસા, તા. ૧૮

૭૩ માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું ત્યારબાદ અકસ્માત વિમા યોજના અંતર્ગત મૃતકોના વારસદારોને સહાયના ચેક આપવામાં આવ્યા હતા.

૧૫ મી ઓગષ્ટ (સ્વાતંત્ર્ય દિન) નિમિત્તે ડીસા માર્કેટયાર્ડ ખાતે ચેરમેન માવજીભાઈ દેસાઈના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. જયારે શ્રી વિ.જે.પટેલ શાકભાજી સબ માર્કેટયાર્ડ ખાતે વાઈસ ચેરમેન કરશનભાઈ પટેલ અને શ્રી મોરારજી દેસાઈ સબ માર્કેટયાર્ડ ખાતે ડીરેક્ટર દશરથભાઈ પટેલના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. ધ્વજ વંદન સમારોહ બાદ ડીસા તાલુકામાં જુદા જુદા અકસ્માતમાં મૃત્યુ પામનાર મૃતકોના વારસદારોને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ સહિત સંચાલક મંડળના હસ્તે રૂ. એક એક લાખની સહાયના ચેક આપવામાં આવ્યા હતાં.

# ઉત્તર ગુજરાતમાં ૩૦૦૦ મહેસુલી કર્મચારીઓનું આંદોલનનું બ્યુગલ




મોડાસા, તા. ૧૮

છેલ્લા ઘણા સમયની પડતર માંગણીઓને લઈ સમગ્ર રાજ્યમાં મહેસૂલ વિભાગના કર્મચારીઓ ફરી ઉગ્ર થયા છે. પોતાની વિવિધ નવ જેટલી પડતર માંગણીઓને લઈને આજે રાજ્ય વ્યાપી ધરણા કાર્યક્રમ અંતર્ગત અરવલ્લી જિલ્લાના મહેસૂલ વિભાગના કર્મચારીઓએ તેમની પડતર માંગણીઓને પૂરી કરવા માટે જિલ્લા સેવા સદન ખાતે ધરણા કર્યા હતા અને માંગણીઓ સત્વરે પૂર્ણ કરવા સુત્રોચ્ચાર કર્યા હતા.

ગુજરાત રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળ દ્વારા લાંબા સમયથી પડતર વિવિધ પ્રશ્નો અંગે રાજ્યના મુખ્યમંત્રી, મહેસુલ મંત્રી અને વિભાગમાં વારંવારની રજુઆત છતાં કોઈ ન્યાય મળ્યો નથી. બઢતી, બદલી જેવા પ્રશ્નોમાં પણ ઉકેલ આવતા ન હોવાનું મહેસુલ કર્મચારીઓએ રોષપૂર્વક જણાવ્યું હતું.

આ સાથે જ આગામી સમયમાં સરકાર દ્વારા તેમની માંગણીઓ પૂરી નહીં થાય તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારી છે. મહેસુલ કર્મચારીઓએ ચીમકી ઉચ્ચારી હતી કે જો તેમની માંગણી સંતોષવામાં નહિં આવે તો તા. ૧૯ થી ૨૩ તારીખ સુધી કાળી પટ્ટી ધારણ કરી કામ કરશે. ત્યારબાદ તા. ૨૬ના રોજ માસ સી.એલ પર ઉતરશે અને તેમ છતાં જો સરકારનું વલણ તેમની માંગણી પ્રત્યે સ્પષ્ટ નહિ થાય તો તા. ૨૯થી સામુહિક રજા પર ઉતરશે તેમ જણાવ્યું હતું.

## અરવલ્લી જીલ્લામાં મેઘમહેરથી માલપુરની વાત્રક નદી બે કાંઠે વહી



મોડાસા, તા. ૧૮

અરવલ્લી જીલ્લામાં ૪૮ કલાકથી મેઘમહેર જોવા મળતા અને ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના પગલે વાત્રક નદીમાં નવા નીર આવતા માલપુરની વાત્રક નદી બે કાંઠે વહેતા ખેડૂતો અને પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. ઉનાળામાં સૂકી ભાસતી નદીમાં નવા નીર આવતા માલપુર વાત્રક પુલ અને નદીના કાંઠે પ્રજાજનો વાત્રક નદીને બે કાંઠે વહેતી જોવા ઉમટ્યા હતા.

# પ્રાંતિજ પોલીસની પ્રસંશનીય કામગીરી : અકસ્માત વિસ્તારમાં રોડ વચ્ચે પડેલ ખાડા જાતે ઉભા રહીને પુરાણ કરાવ્યું



પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના વડવાસા પાસે નેશનલ હાઈવે ઓથોરિટીના પાપે છેલ્લા કેટલાય દિવસથી રોડ ઉપર પડેલ ખાડાને લઈને વાહન ચાલકો થાપ ખાઈ જતાં સ્ટેરીગ ઉપર કાબુ ગુમાવતા અકસ્માતોમાં વધારો થયો છે. કેટલાય લોકોના હાથ પગ ભાગવાનો વારો આવ્યો છે, કેટલાક લોકોને જીવ પણ ગુમાવવાનો વારો આવ્યો છે.

પ્રાંતિજના વડવાસા પાસે છેલ્લા કેટલાય દિવસથી અકસ્માતોનો સીલસીલો યથાવત છે ત્યારે અમદાવાદ તરફથી હિંમતનગર તરફ જતી કાર ચાલકે રોડ વચ્ચે પડેલ ખાડા પડતાં સ્ટેરીગ ઉપરથી ગુમાવતા કાર ડીવાઈડર કુદી રોંગ સાઈડમાં જઈ બાઈક સાથે ટકરાઈ હતી. બાઈક ચાલક સહિત કારમા સવાર બે એમ ત્રણના ઘટના સ્થળે મોત નિપજ્યાં હતા. આજે વહેલી સવારે તે જ સ્થળે ફરી કાર પલ્ટી ખાઈ જઈ હતી. કારમા સવાર ચારનો આબાદ બચાવ થયો હતો. પ્રાંતિજ પીઆઈ રાકેશભાઈ બ્રહ્મભટ્ટ તથા પ્રાંતિજ પીએસાઈ જોષી તથા પોલીસ ઘટનાસ્થળે આવી જેસીબી મશીન બોલાવી રોડ ઉપર પડેલ ખાડા તથા રોડની સાઈડમાં પડેલ ખાડા પુરાવામાં આવ્યા હતા. જેની જવાબદારી છે તે નેશનલ હાઈવે ઓથોરિટી અકસ્માતોનો સીલસીલો યથાવત છતાં અને હાલ તો તગડો ટોલ ટેક્ષ ઉઘરાવતુ હોવા છતાં જાણે ગૌર નિંદ્રામા હોય તેવું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. ત્યારે હાલ તો અકસ્માતોના સીલસીલાને લઈને પ્રાંતિજ પીઆઈ રાકેશભાઈ બ્રહ્મભટ્ટ તથા પ્રાંતિજ પીએસાઈ જોષી તથા પોલીસ સ્ટાફ આગળ આવ્યો હતો અને જેસીબી મશીન બોલાવી અકસ્માત જોન વિસ્તારમાં રોડ વચ્ચે અને રોડની સાઈડમાં પડેલ ખાડા પુરાવવામા આવ્યાં હતા. ત્યાંથી રોજીદુ અવરજવર કરતાં લોકો તથા પ્રાંતિજના લોકોએ પ્રાંતિજ પીઆઈ, પીએસાઈ તથા પોલીસની આ પ્રસંશનીય કામગીરીને બિરદાવવામા આવી હતી. ત્યારે જોવાનું એ રહ્યું કે તગડો ટોલ ટેક્ષ ઉઘરાવતુ નેશનલ હાઈવે ઓથોરિટીની ઉગ કયારે પુરી થશે એ તો હવે જોઉ રહ્યું.